# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

Ref no. PN 2025-26/395 Dt. 10/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

———————————————————————————————

## ચેમ્બર અને કેમેક્સિલ વચ્ચે પાંચ વર્ષ માટે ઐતિહાસિક એમઓયુ સાઇન

### સુરતમાં કેમિકલ અને ફાર્મા ક્ષેત્રના વિકાસને મળશે નવી દિશા, દર વર્ષે યોજાશે એક્ષ્પો

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ભારત સરકારના નેજા હેઠળ કાર્યરત ભારતની અગ્રણી કેમિકલ્સ એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલ (Chemexcil) સાથે પાંચ વર્ષ માટે મહત્વપૂર્ણ એમઓયુ સાઇન કરવામાં આવ્યા છે. મુંબઇ સ્થિત કેમેક્સિલના હેડ કવાર્ટર ખાતે ચેમ્બર અને કેમેક્સિલના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં આ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, સેક્રેટરી શ્રી પૌલિક દેસાઇ, સેક્રેટરી શ્રી ઇ.જે. થોમસ તથા કેમેક્સિલના ચેરમેન શ્રી સતિષ વાઘ, વાઇસ ચેરમેન શ્રી અંકિત પટેલ, ડાયરેકટર જનરલ શ્રી રઘુવીર કિની અને એક્ઝિક્યુટિવ ડાયરેકટર શ્રી વિશાલ ગંજુ ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ એમઓયુ ચેમ્બર માટે ઐતિહાસિક પગલું સાબિત થશે. આ ભાગીદારી અંતર્ગત ચેમ્બર ઓફ કોમર્સ અને કેમેક્સિલ દ્વારા સંયુક્ત રીતે દર વર્ષે સુરત ખાતે 'કેમિકલ એન્ડ ફાર્મા એક્ષ્પો'નું આયોજન કરવામાં આવશે, જેનાથી સુરતના કેમિકલ અને ફાર્મા ઉદ્યોગોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે નવી ઓળખ મળશે.

આ ઉપરાંત બંને સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે વિવિધ સેમિનાર, વર્કશોપ અને માર્ગદર્શન કાર્યક્રમો યોજાશે, જેમાં સુરતના કેમિકલ ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગકારોને એક્સપોર્ટ વધારવા માટે જરૂરી માર્ગદર્શન, નીતિઓ અને બજાર સંબંધિત માહિતી પૂરી પાડવામાં આવશે.

પાંચ વર્ષના ગાળામાં કેમિકલ ક્ષેત્રને લગતા વિવિધ પોલિસી મુદ્દાઓ તથા વૈશ્વિક તકો અંગે નિયમિત મિટીંગો અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જેનાથી સ્થાનિક ઉદ્યોગોને સીધી રીતે લાભ મળશે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉદ્યોગોના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે, ત્યારે કેમિકલ ક્ષેત્રના વિકાસ માટેની વિવિધ પ્રવૃત્તિઓમાં કેમેક્સિલનો સંપૂર્ણ સહયોગ મળી રહેશે, જેથી સુરતના કેમિકલ ક્ષેત્રના વિકાસને નવી ગતિ મળશે.